રજુ તારીખ :–૧૯/૧૨/૨૦૧૪.
દાખલ તારીખ :–૧૯/૧૨/૨૦૧૪.
ફેંસલ તારીખ :– ૨૨/૧૧/૨૦૧૮.
અવધિ :–

મહેરબાન આણંદના ૩જા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. આણંદ.

**રે.દિ.મુ.નં.૨૫૩/૨૦૧૪.**
**આંક :–**

વાદી :– મનુભાઈ નરવતસિંહ ચાવડા,
ઉ.આ.વ.–૪૫,ધંધો–ખેતી,
રહેવાસી – મીઠાપુર,તા.ઠાસરા,જી.ખેડા,
હે.ભંડારવાળુ ફળીયુ.

**<u>વિરૂધ્ધ</u>**

પ્રતિવાદી :–૧.રમણભાઈ લક્ષ્મણ સિંહ રાવલજી,
ઉ.આ.વ.–૪૫,ધંધો – ખેતી, રહેવાસી–ઓડ,
તા.ઉમેરઠ, જી.આણંદ,હે.અંબામાતાના મંદિર પાસે.
ગુજરનાર નરસિંહભાઈ ઈચછાભાઈ પટેલના વારસદારો.
૨.ભરતભાઈ મણીભાઈ બીન નરસિંહભાઈ પટેલ,
ઉ.આ.વ.–૪૦,ધંધો–ખેતી,રહે.–સુંદલપુરા,
તા.ઉમરેઠ,જી.આણંદ,હે.પોરીયાની ખડકી.

૩.ઈન્દિરાબેન તે મણીભાઈ નરસિંહભાઈપટેલનીદિકરી

તથા મહેન્દ્રભાઈ ઘુળાભાઈ પટેલની પત્નિ,ઉ.વ.અ.–

૫૦,ધંધો–ઘરકામ,રહે.મંજીપુરા, તા.ઠાસરા,જી.ખેડા,

ઠે.ઈન્દિરા નગરીમાં,

૪.વિલાસબેન તે મણીભાઈ નરસિંહભાઈ પટેલની

દિકરી તથા ગોપાલભાઈ ઘુળાભાઈ પટેલની પત્નિ,

ઉ.આ.વ.–૪૮,ધંધો– ઘરકામ,રહે.–મંજીપુરા,

તા.ઠાસરા, જી.ખેડા,ઠે.ઈન્દિરા નગરીમાં.

૫.શકુબેન તે મણીભાઈ નરસિંહભાઈ પટેલની દિકરી

તથા ગોપાલભાઈ નરસિંહભાઈ પટેલની પત્નિ,

ઉ.આ.વ.–૪૦,ધંધો–ઘરકામ,રહે.–મંજીપુરા,

તા.ઠાસરા,જી.ખેડા,ઠે.પટેલ ફળીયુ.

૬.નટુભાઈ શંકરભાઈ બીન વાઘજીભાઈ પટેલ,

ઉ.આ.વ.–૬૦,ધંધો–ખેતી, રહે.–લીંગડા,ઠે.ખડકીમાં

તા.ઉમરેઠ,જી.આણંદ.

૭.અરવિંદભાઈ શંકરભાઈ બીન વાઘજીભાઈ પટેલ,

ઉ.આ.વ.–૫૫,ધંધો–ખેતી, રહે.–લીંગડા,ઠે.ખડકીમાં

તા.ઉમરેઠ,જી.આણંદ.

૮.અરૂણાબેન શંકરભાઈ બીન વાઘજીભાઈ પટેલની

દિકરી,ઉ.આ.વ.–૫૩,ધંધો–ઘરકામ,

રહે.–લીંગડા,હે.ખડકીમાં,તા.ઉમરેઠ,જી.આણંદ.

૯. સુધાબેન તે શંકરભાઈ બીન વાઘજીભાઈ પટેલની

દિકરી,ઉ.આ.વ.–૫૦,ધંધો–,ઘરકામ,

રહે.–લીંગડા,હે.ખડકીમાં,તા.ઉમરેઠ,જી.આણંદ.

૧૦.પરશનબેન તે નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલની

દિકરી તથા ભઈલાલભાઈ સોમાભાઈ પટેલની

પત્નિ,ઉ.આ.વ.–૭૦,ધંધો–ઘરકામ, રહે.–ભાટપુર,

તા.ઉમરેઠ,જી.આણંદ.હે. ડેલામાં.

૧૧.મફતભાઈ પુંજાભાઈ બીન નરસિંહભાઈ પટેલ,

ઉ.આ.વ.–૫૫,ધંધો–ખેતી,રહે.–સુંદલપુરા,

તા.ઉમરેઠ,જી.આણંદ,હે.પોરીયાની ખડકી.

૧૨.સુમિત્રાબેન તે પુંજાભાઈ નરસિંહભાઈ પટેલની

દિકરી તથા અશોકભાઈ પુંજાભાઈ પટેલની પત્નિ,

ઉ.આ.વ.–૫૦,ધંધો–ઘરકામ,રહે.–ભાટપુરા,

તા.ઉમરેઠ, જી.આણંદ,હે.પ્રાથમીક શાળા પાસે.

૧૩.રજનીકાંત પુંજાભાઈ બીન નરસિંહભાઈ પટેલ,

ઉ.આ.વ.–૪૫,ધંધો–નોકરી, રહે.–હાલોલ,

જી.વડોદરા,હે.કંજરીરોડ,નીતાનગર,બંગલાનં.૧૭/૪.

**<u>દાવો :– વીલના આધારે માલીક હકક તથા દસ્તાવેજ રદ કરવા બાબતે.</u>**

વાદી તરફે વિ.વ.શ્રી બી.કે.પરમાર.

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જી.એચ.ચૌહાણ.

## <u>જજમેન્ટ</u>

(૦૧) આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના વાદી તરફથી હાલનો દાવો વીલ આધારે દાવાવાળી મિલકતના માલીકી હકક પ્રસ્થાપિત કરવા તથા વાદીના કબ્જામાં કોઈ હરકત,અંતરાય,અડચણ,દખલ,કરે– કરાવે નહી તેમજ પ્રતિવાદી નં.૨નાઓએ પ્રતિવાદી નં.૧ને કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે દાખલ કરેલ છે.

આ કામના વાદી તરફથી મોજે ગામ–સુંદલપુરા (તા.ઉમરેઠ)ની જમીન સર્વે નં.૮૮૦/પૈકી–૧ હે.આરે.૦૦.૮૦.૯૪ આ.રૂા.૪.૩૨ પૈસાવાળી ખાતા નં.૩૨૯ વાળી વાદીની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની જાતખેડની આવેલી છે જેમાં વાદી તમાકુનો પાક કરેલ છે અને સદરહુ જમીન પ્રતિવાદી નં.૨ થી ૧૩ના ગુજરનાર વડીલ પુરૂષ નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલનાઓએ વીલલ યાને વસીયતનામુ તા.૨૬/૧/૧૯૯૨ના રોજ લખી આપી વાદીને માલીક બનાવેલ હોવાની રૂએ સદર જમીન ખુંટની વિગત,

પુર્વે –અભેસિંહ દામસિંહ ચાવડાની જમીન છે.

પશ્ચિમે  –રાજેન્દ્રસિંહ ચંદુભાઈ બીન કાળુભાઈ ચાવડાની જમીન છે.

ઉત્તરે  –વાદી વિગેરેની જમીન સર્વે નં.૮૦૦/પૈકી ૨ વાળી જમીન

દક્ષિણે  –ગેમાભાઈ બચાભાઈ ચાવડા તથા અભેસિંહ દામસિંહ ચાવડા વિગેરેની જમીન આવેલી છે.

સદર ચાર ખુંટની વચ્ચેની જમીનને હવે પછી ચુકાદામાં **<u>દાવાવાળી જમીન</u>** તરીકે સંબોધવામાં આવેલ છે.

આ કામના વાદી દાવાવાળી મિલકત મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈની હયાતીમાં ખેડતા અને જમીનની ઉત્પન્નનો ભાગ મૈ.નરસિંહભાઈને આપતા હતા તથા તેઓની સારસંભાળ રાખતા હોય મૈ.નરસિંહભાઈએ વાદીની તરફેણમાં તા.૨૬/૧/૧૯૯૨ના રોજ સાક્ષીઓની રૂબરૂ તન અને મનની સ્વસ્થ સ્થિતિમાં, તેઓની રાજીખુશીથી,સભાનપણામાં,કુદરતીપ્રેમથી પ્રેરાઈ દાવાવાળી જમીનનુ વીલ યાને વસીયતનામુ કરી વાદીને સદર મિલકતના કાયદેસરના વારસ નીમી મૈ.નરસિંહભાઈનાઓ તા.૨૫/૧૨/૧૯૯૩ના રોજ અવસાન પામેલા. મૈ.નરસિંહભાઈએઅન્ય વારસોને તેઓની અન્ય જમીનો વહેચણ કરી દઈ દીધેલ હતી અને દાવાવાળી મિલકત પોતાની જીવાયમાટે રાખેલ હતી. મૈ.નરસિહભાઈને પાંચ સંતાનો હતા અને તેમની પત્નિ ગંગાબેન તથા તેમનો દિકરો પુંજાભાઈ, તેમની દિકરી સાકરબેન ગુજરી ગયેલા છે.

આ કામના પ્રતિવાદી નં.૧૧,૧૨,૧૩નાઓ મૈ.પુજાભાઈના વારસો છે, જયારે સાકરબેનના વારસો પ્રતિવાદી નં.૬,૭,૮,૯નાઓ છે, પ્રતિવાદી નં.૨,૩,

૪,૫નાઓ ગુજરનાર નરસિંહભાઈના પુત્ર મૈ.મણીભાઈના વારસદાર છે,પુત્ર કાંતિભાઈ અપરણિત નિ:વંશ ગુજરી ગયેલા છે. પ્રતિવાદી નં.૨થી૧૩નાઓ દાવાવાળી મિલકત અર્થે ઝઘડો કરતા હોય અને પ્રતિવાદીનં.૨નાઓ ખોટુપેઢીનામુ તૈયાર કરી તેઓ સિવાય અન્ય કોઈ વારસદાર ન હોવાનુ દર્શાવી અન્ય કોઈ વારસદારની સમંતિ લીધા સિવાય તા.૨૯/૧૧/૨૦૧૪ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૧૭૪૦/૨૦૧૪ થી રૂા.૫,૫૧,૦૦૦/–કિંમતનો અવેજ લઈ પ્રતિવાદી નં.૧ને વેચાણ યાને કપટયુકત હસ્તાંતર કરી આપેલ હોય વાદીના કિંમતી હકકોને નુકશાન કરેલ હોય, સદર વેચાણ દસ્તાવેજ આધારે રેવેન્યુ વિભાગમાં નોધ કરાવતા તેની સામે વાદી તરફથી વાંધો નોધવતા સદર નોધ સબંધે કાર્યવાહી પેન્ડીગ હોય અને ખોટા ખુંટ,વર્ણન દર્શાવી અને પ્રતિવાદી નં.૨નાઓ એકલા સ્વતંત્ર માલીક હોવાની રૂએ જે વેચાણ દસ્તાવેજ કરેલ છે તે તદૃન ખોટો, ગેરકાયદેસરનો અને કાયદામાં ટકવાપાત્ર ન હોવાથી રદ કરવા વિનંતી કરેલ છે.સદર વેચાણ આપેલ જમીનના વર્ણન મુજબ ૮૮૧ની જમીન હોવાથી પણ અને અન્ય વારસોના કોઈલાગભાગ ન હોવાની હકીકતો ખોટી જણાવેલ હોય જેથી વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૭૪૦/૨૦૧૪, તા.૨૯/૧૧/૨૦૧૪વાળો રદ થવાને પાત્ર છે. આ કામના વાદી તરફથી સદર દાવા અરજી ના પેરા–૭માં ૭(અ) થી ૭(ઉ) સુધીની દાદની માંગણી કરેલ છે.

આ કામે વાદી તરફથી સદર દાવાઅરજી સાથે આંક–૫થી વચગાળાની મનાઈ અરજી રજુ કરેલ જે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી તરફથી સાંભળીને

નામંજુર કરેલ છે.

(૦૫) આ કામના પ્રતિવાદીને સદર દાવા સબંધે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી તરફથી પ્રોસેસ કાઢવા અર્થેનો હુકમ કરતા પ્રતિવાદીઓને પ્રોસેસની બજવણી કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી જી.એચ.ચૌહાણનાઓ હાજર થયેલ છે જયારે અન્ય પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ નથી. આ કામે વાદી તરફથી કોર્ટ કમિશ્નર મારફતે દાવાવાળી જગ્યાનુ કમીશન કરાવી સ્થળ સ્થિતિ સબંધેનો રીપોર્ટ કમિશ્નર મારફત આંક– .....થી રજુ કરવામાં આવેલ છે.

(૦૬) આ કામના પ્રતિવાદી નં.૧૦,૧૧,૧૨,૧૩ થી આંક–૧૭થી પુરશીશ આપી વાદીની દાવા અરજી સાચી હોવાનુ જણાવી વાદીની તરફેણમાં સદર પુરશીશ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં.૧નાઓ તરફથી આંક–૨૧ થી રજુ કરેલ છે.જયારે પ્રતિવાદી નં.૧ થી૯નાઓ તરફે આંક–૨૩થી પુરશીશ આપી પ્રતિવાદી નં.૧નાએ જે જવાબ રજુ કરેલ છે તે પ્રતિવાદી નં.૨ થી ૯ નો જવાબ ગણી લેવાની જાહેર રાત કરેલ છે.

પ્રતિવાદી નં.૧ તરફથી રજુ કરેલા આંક–૨૧ના જવાબના મહત્વની તકરારોમાં આ કામના વાદી તરફથી ખોટુ, અનરજીસ્ટર્ડ વીલ ઉભુ કરેલ છે, ગુજરનાર વડીલ નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓ સને ૧૯૭૯–૮૦ના અરસામાં ગુજરી ગયેલા છે અને તેમને સજીવન કરી જુના લઈ રાખેલ સ્ટેમ્પનો દુરપયોગ કરી, ખોટા સાક્ષી ઉભા કરી બનાવટી વીલ ઉભુ કરેલ છે,ગ્રામપંચાયતના

માણસોને હાથ પર લઈ ખોટા મરણના દાખલા આધારે ખોટો દાવો કરેલ છે. આ વીલ પ્રજાસત્તાક દિનની રવિવારના જાહેર રજાના દિવસે સુંદલપુરા ગામમા ટાઈપની સગવળ ન હોવા છતાં રજાના દિવસે ટાઈપ કરેલ હોવાનુ દર્શાવી ખોટા અન્ય કોઈ ઈસમનો અંગુઠો પડાવી, ખોટા સાક્ષીઓ ઉભા કરી બોગસ અને બનાવટી વીલ ઉભુ કરી ૧૯૯૩ના ખોટા મરણના દાખલ આધારે ખોટા પુરાવાઓ ઉભા કરી કોઈપણ સમયે વાદી કે તેમના વડીલોનો કબ્જો ન હતો પરંતુ પ્રતિવાદી નં.રની જાત ખેડમાં હતો.

વધુમાં, ગુજરનાર નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓ પ્રતિવાદી નં.રના દાદા તથા પ્રતિવાદી નં.૩ થી ૧૩ના ગુજરનારના વારસદારો થાય છે.ગુજરનાર નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓના વારસદારો સુંદલપુરા ગામે આવેલા મકાનમાં બધા ભેગા રહેતા આવેલા હતા અને પ્રતિવાદી નં.રનાઓ તથા કાકા,પિતા અને હયાત વારસદારોએ ગુજ.નરસિંહભાઈનું અવસાન થયુ ત્યાં સુધી તેમની સેવા –ચાકરી,ભરણપોષણ વિગેરે કરેલ અને તમામ મરણોત્તરક્રિયા પણ કુટુંબીજનોએ કરેલ. પ્રતિવાદી નં.રના દાદા ગુ.નરસિંહભાઈના અવસાન બાદ રે.સ.નં.૧૦૧૭માં વારસાઈ અંગેની નોધ નં.૬૩૨૪, તા.૨૯/૦૭/૧૯૮૦ના રોજ પડેલી અને તેમના ગુજરી ગયા બાદ દાદી ગંગાબેનના અવસાનનીનોધ રેવેન્યુ દફતરે નોધ નં.૭૯૨૫ તા.૨૧/૮/૧૯૯૧ના રોજ પડેલી તે બંને મંજુર થયેલી તેની સામે કોઈ વાંધો કે રીવીઝન થયેલ નથી.

આ કામના પ્રતિવાદી નં.રનાઓને દાવાવાળી જમીન ગુ.નરસિંહભાઈ તથા

ગુ.ગંગાબેન ના અવસાન બાદ મૈ.મણીભાઈ કે જેઓ પ્રતિવાદી નં.રના પિતા થતાં હતા તેઓના અવસાન બાદ પ્રતિવાદીનં.રનાઓ સદર દાવાવાળી મિલકતના એકલા,સ્વતંત્ર,માલીકીહકકે,કબજા,ભોગવટામાં જમીનમાં મગફળી,તમાકુ વિગેરે પાકો લેતા આવેલા.તમામ હયાત વારસોએ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.રના નામે કરાવેલ અને તે વારસાઈ અંગે કોઈ વારસદારોએ વાંધો લીધેલ ન હતો કે પડકારેલ ન હતી. આ કામના પ્રતિવાદી નં.૧નાએ સંપુર્ણ ચોકસાઈ રાખી તમામ પ્રકારની કાળજી લઈ દાવાવાળી મિલકત ખરીદ કરેલ હોય અને તેઓના જાત ખેડમાં હોવાથી પ્રતિવાદીનં.૧નાઓ બોનાફાઈ પરચેઝર છે.આ કામે પ્રતિવાદી નં.રનાએ સદર દાવાવાળી જમીન ઉપર બેંકમાંથી લોનો લીધેલ અને તે સબંધે આ કામના વાદીએ જે તે સમયે આર.ટી.એસ.કેસમાં ભરતભાઈ મણીભાઈના વડીલોએ વાદીના વડીલોને વેચાણ આપેલ હોવાનુ જણાવેલ છે જયારે હાલના દાવામાં વીલની બીના જણાવેલ છે. આ કામના વાદી તરફથી ઉત્તર–પશ્ચિમ ખુણા ઉપર ઓરડીબાંધી દબાણ કરેલ જે ચણતર બંધ કરાવી ઓરડી ખુલ્લી કરાવેલ અને હાલનો દાવો દાખલ નવા પતરા,એંગલ નાંખી પોતાનો કબ્જો ખોટી રીતે પુરવાર કરવા પ્રયત્ન કરેલ છે. આ કામે પ્રતિવાદી મફતભાઈના સોગંદનામા મુજબ પેઢીનામુ વાદી તરફે રજુ કરવામાં આવેલ છે તેમાં ગુ.નરસિંહભાઈ ૩૫ વર્ષ અગાઉ ગુજરી ગયેલાનુ લખેલ છે તે આધારે પ્રતિવાદીનં.રનાઓ જણાવે છે તે મુજબસને ૧૯૭૮ની સાલમાં ગુજરી ગયેલા હોવાની હકીકતને સમર્થન મળતુ હોવાથી વાદી તરફથી ખોટા મરણના દાખલાના આધારે ખોટુ વીલઉભુ કરેલાનુ

પ્રસ્થાપિત થતુ હોવાથી વાદીનો દાવો ખર્ચસર રદ કરવા વિનંતી કરેલ છે.

આ કામે સદર હકીકતો આધારે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી તરફથી આંક–પની અરજીની સુનવણી કરી આંક–પની વાદીની અરજી નામંજુર કરતો હુકમ તા.૧૧/૩/૨૦૧૬ના રોજ કરવામાં આવેલ છે.

(૦૭) આ કામે આંક–પની અરજી ઉપરોકત મુજબની ફેસલ થતાં મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી તરફથી નીચે મુજબના મુદ્દાઓ આંક–૩૮ થી ઘડવામાં આવેલ છે.

**<u>મુદ્દા</u>**

૧. શુ વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકત વાદીના સ્વંતત્ર માલીકી કબ્જા ભોગવટાની ચાલી આવેલ છે ?

૨. શુ વાદી સાબીત કરે છે કે, ગુજરનાર નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલે વાદગ્રસ્ત મિલકતનુ કરી આપેલ વીલ કાયદેસરનુ છે ?

૩. શુ વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલકત અંગે કરવામાં આવેલ તા.૨૯/૧૧/૨૦૧૪ના રોજનો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને રદબાતલ છે?

૪. શુ વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૫. શુ હુકમ અને હુકમનામુ ?

(૦૮) **<u>નિર્ણય</u>**

૧. અશંત:હકારમાં.

૨..        હકારમાં.

૩.        અશંત:હકારમાં.

૪.        અશંત:હકારમાં.

૫.        આખરી હુકમ અનુસાર.

(૧૦)        આ કામના પક્ષકારો તરફે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

(૧૦.૧)    વાદી તરફથી રજુ કરેલ મૌખિક પુરાવો.

આંક–૪૮ થી વાદી મનુભાઈ નરવતસિંહ ચાવડાની જુબાની.

આંક–૭૫ થી સાહેદ કલ્યાણ સિંહ છગનસિંહ ચાવડાની જુબાની.

**<u>વાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો.</u>**

આંક–૫૦   ગામ નમુના નં.૭ અને ૧૨ની ખરી નકલ.

આંક–૫૧   ગામ નમુના નં.૮અ ની ખરી નકલ.

આંક–૫૨   વાદીની તરફેણમાં મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓએ કરી આપેલ અસલ વીલ યાને વસીયનામુ.

આંક–૫૩   મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલનો મરણનો દાખલો.

આંક–૫૪   પેઢીનામુ.

આંક–૫૫   ગામ નમુના નં.૬નુ હકકપત્રક.

આંક–૫૬   આણંદપ્રાંતના હુકમની ખરી નકલ.

આંક–૫૭   વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

આંક–૫૮ ગામ નમુના નં.૬ના હકકપત્રકનીખરી નકલ.

આંક–૫૯ મામલતદાર ઉમરેઠના હુકમની ખરી નકલ.

આંક–૬૦ ગામ નમુના નં.૬ના હકકપત્રકની ખરી નકલ.

આંક–૬૧ ગામ નમુના નં.૬ના હકકપત્રકની ખરી નકલ.

આંક–૬૨ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૬૩ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૬૪ શિક્ષણ ઉપકર ભર્યાની પાવતી.

આંક–૬૫ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૬૬ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૬૭ શિક્ષણ ઉપકર ભર્યાની પાવતી.

આંક–૬૮ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૬૯ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૭૦ મહેસુલ ભર્યાની પાવતી.

આંક–૭૬ વાદી તરફથી પુરાવો પુરો થયાની પુરશીશ.

આંક–૮૬ પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ તરફે પુરવા બંધનુ પુરશીશ.

આંક–૫૨ પ્રતિવાદી નં.૧ તરફે પુરાવા રજુ કરેલ ન હોવાથી નામદાર કોર્ટ તરફથી પુરાવાનો હકક બંધ કરતો હુકમ તા.૦૭/૦૪/૨૦૧૮ના રોજ હુકમ ફરમાવેલ છે તે આધારે પ્રતિવાદી નં.૧ તરફે તા.૩૧/૭/૨૦૧૮ના રોજ ફરી અરજી આપતા અગાઉ પુરાવાનો હકક બંધ થયા બાદ પ્રતિવાદીઓનો પુરાવોનો

હકક બંધ થયેલ હોવાથી તે અરજી નામંજુર કરેલ છે.

આંક–૮૧થી પ્રતિવાદી નં.૧૧ મફતભાઈ પુંજાભાઈનું પુરાવાનુ સોંગંદનામુ

આંક–૮૬થી મફતભાઈ પુંજાભાઈએ આપેલ પુરાવા બંધની પુરશીશ.

## કારણો

(૧૧)આ કામના વાદી તરફથી હાલનો દાવો અનરજીસ્ટર્ડ વીલ આધારે દાવાવાળી મિલકતનો માલીકી હકક પ્રસ્થાપિત કરવા તથા પ્રતિવાદી નં.રનાઓએ પ્રતિવાદી નં.૧ને વેચાણ દસ્તાવેજ કરેલ જે રદ કરાવવા અર્થે તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાવાળી મિલકતમાં કોઈ અડચણ,વિક્ષેપ,દખલ,અંતરાય,અવરોધ,અડચણ કરે–કરાવે નહી તેમજ દાવાવાળી મિલકત સબંધે દાવાવાળી મિલકતના ટાઈટલમાં કોઈ અડચણ,નુકશાન કરે – કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા માટેની દાદ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૧૨) આ કામે મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી તરફથી આંક–૩૮થી મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.સદર મુદ્દા નં.૧ અને ર –

૧. શુ વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકત વાદીના સ્વંતત્ર માલીકી કબ્જા ભોગવટાની ચાલી આવેલ છે ? જવાબ – અશંત:હકારમાં.

ર. શુ વાદી સાબીત કરે છે કે, ગુજરનાર નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલે વાદગ્રસ્ત મિલકતનુ કરી આપેલ વીલ કાયદેસરનુ છે ? જવાબ–હકારમાં.

સદર મુદ્દાઓની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોવાથી અને સદર મુદ્દાઓની હકીકતોનુ પુનરાવર્તન સદર મુદ્દાઓની ચર્ચાઓમાં થતુ હોવાથી સદર મુદ્દા

નં.૧ થી ૨ની ચર્ચાઓ એકસાથે કરવામાં આવેલ છે.

(૧૨.૧) આ કામના વાદી તરફથી હાલનો દાવો જેને હવે પછી સદર ચુકાદામાં '' દાવાવાળી મિલકત '' તરીકેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે દાવાવાળી મિલકત મોજે સુંદલપુરા, તા.ઉમરેઠ મુકામેના ગામની સીમમાં આવેલ જમીન જેનો રે.સ.નં.૮૮૦/પૈકી૧ જેનુ કુલ્લે ક્ષે. હે.૦૦–૮૦–૯૪ આરે, આકાર રૂા.૪–૩૨ પૈસાવાળી જેનો ખાતા નં.૩૨૯વાળી જમીન, જેની ચતુરસીમા/જમીન ખુંટની વિગત,

પુર્વે –અભેસિંહ દામસિંહ ચાવડાની જમીન છે.

પશ્ચિમે –રાજેન્દ્રસિંહ ચંદુભાઈ બીન કાળુભાઈ ચાવડાની જમીન છે.

ઉત્તરે –વાદી વિગેરેની જમીન સર્વે નં.૮૦૦/પૈકી ૨ વાળી જમીન

દક્ષિણે –ગેમાભાઈ બચાભાઈ ચાવડા તથા અભેસિંહ દામસિંહ ચાવડા વિગેરેની જમીન આવેલી છે.

(૧૩) આ કામના વાદી તરફથી ઉપરોકત દાવાવાળી જમીનમાં ખેતી કરતા આવેલ છે અને સદર જમીનમાં ખેતીના સાધનો રાખવા માટે ઓરડી બનાવેલ તે દાવાવાળી મિલકત ખેતીની જમીન આ કામના પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી નં.૨નાઓ પાસેથી કોઈપણ જાતના હકક,હિત વિના તા.૨૯/૧૧/ ૨૦૧૪ના રોજ આણંદ સબરજીસ્ટર કચેરીના દસ્તાવેજ અનુક્રમનં.૧૭૪૦/૨૦૧૪ થીવેચાણ રાખેલ અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી તરફથી વાદીના કબ્જા,ભોગવટાવાળી જમીનમા ખોટી રીતે હસ્તેક્ષપ કરતા હોવાથી હાલનો દાવો વાદીને આ કામના પ્રતિવાદીઓના વડીલપુરૂષ વ્દારા કરી આપેલ વીલ આધારે પોતે માલીક હોવાના રૂએ દાખલ કરેલ છે. આ કામે વાદી તરફથી રજુ કરેલ આંક–પર અસલ વીલ

યાને વસીયતનામુ કરવામાં આવેલ હોવાનુ જણાય છે જે વસીયતનામા આધારે વાદી તરફથી હાલના દાવામાં એવી તકરાર લીધેલ છે કે,મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈએ તેઓની તરફેણમાં છેલ્લુ વીલ યાને વસીયતનામુ કરી આપેલ છે તે આધારે તેઓ દાવાવાળી મિલકતના માલીક બનેલ છે અને દાવાવાળી મિલકત મૈ.નરસિહભાઈ ઈચ્છાભાઈની હયાતીમાં પણ ખેડી-વાવી,ઉપજ લેતા હોવાથી અને તેઓના અવસાન બાદ પણ સદર વીલ આધારે માલીક મુખત્યાર અને કબ્જેદાર હોવાથી અને ખેડતા હોય અને પાક લેતા હોવાની હકકીતો રજુ કરી વાદી તરફથી આંક-૬૨ થી ૭૦ના દસ્તાવેજો ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે તેઓ દાવાવાળી મિલકતનો કબ્જો,ભોગવટો,ઉપયોગ,ઉપભોગ કરતા આવેલા છે અને દાવાવાળી મિલકતના માલીક પણ વાદી છે.

આ કામના વાદી દાવાવાળી મિલકતના સ્વતંત્ર કબ્જેદારની હેસિયતથી દાવાવાળી મિલકતનો વાપર-વપરાશ બધાની જાણમાં,કાયદેસર રીતે કરતા આવેલ હોવાની હકીકત વાદીએ પોતાની દાવા અરજી તથા જુબાનીમાં સ્પષ્ટ રીતે જણાવી તે મુજબનો પુરાવો રજુ કરેલ છે. આ કામે સદર હકીકતો સબંધે પ્રતિવાદી નં.૧ના વિ.વ.શ્રી તરફથી વાદીની લંબાણપુર્વક ઉલટતપાસ કરેલ છે.

સદર ઉલટતપાસમાં પ્રતિવાદી નં.૧ તરફે એવી હકીકત પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ છે કે સદર વીલ મૈ.નરસિંહભાઈએ કરેલ જ ન હતુ અને સદર વીલ ટાઈપ કરવા અર્થે કોઈ સાધન રજાના દિવસે ઉપલબ્ધ ન હોવા છતાં ખોટી રીતે ઉભુ કરેલ છે પરંતુ તે પુરવાર કરવા અર્થેની હકીકતોનો વાદી તરફે ઈન્કારીયત કરેલ હોવાથી પ્રતિવાદી નં.૧ના સજેશનો વાદી તરફે નકારવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદી તરફે સદર અનરજીસ્ટર્ડ વીલમાં રે.સ.નં.૮૮૦પૈકી નો ઉલ્લેખ કરવામાં આવેલ હોવાનુ અને સદર વીલના આધારે કોઈ કાર્યવાહી સરકારી કચેરીમાં કરેલ ન હોવાની હકીકત,મૈ.નરસિંહભાઈની સારવાર અર્થેના કોઈપણ દસ્તાવેજ આ કામે રજુ કરેલ ન હોવાનુ,તેમજ જે મહેસુલી પાવતી રજુ કરેલ છે તેમાં ખાતાનં.૩૨૯ નો ઉલ્લેખ ન હોવાનુ તેમજ મૈ.નરસિંહભાઈનુ અવસાન તા.૧૦/ ૦૭ /૧૯૮૦ના રોજ થયેલ હોવાનુ જણાવતા વાદીએ ઈન્કાર કરેલ છે. આમ, પ્રતિવાદી તરફથી સદર વીલ સબંધેનો કોઈ ચોકકસ,ઠોસ અને માની શકાય તેવી કોઈ જ હકીકતો પ્રસ્થાપિત કરેલ નથી. આ કામે પ્રતિવાદી નં.૧થી ૯ના જવાબમાં વીલ ખોટુ,બનાવટી, ઉભુ કરેલાની હકીકતો જણાવેલી અને મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓનુ અવસાન સબંધેની ખોટી હકીકતો વાદીએ જણાવેલ હોવાની તકરાર રજુ કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ સદર પ્રતિવાદીઓ તરફે પોતાના જવાબની હકીકતો પુરવાર કરવા અર્થે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.

આ કામે વાદી તરફે રજુ કરેલા પુરાવા આધારે વાદી સદર વીલ આધારે વર્ષોથી સદર દાવાવાળી જમીન ખેડતા હોવાનો પુરાવો રજુ કરેલ છે અને તેમાં પાક લેતા આવેલા છે તે સબંધેના જરૂરી દસ્તાવેજી ઉપરોકત પુરાવાઓ પણ રજુ કરેલ છે. આ કામના સદર પ્રતિવાદીઓ તરફે ખેડાણ સબંધેની હકીકતો સબંધે કોઈ ચોકકસ,ઠોસ પુર્વકની ઉલટતપાસ કબ્જા સબંધે કરવામાં આવી હોય અને તે આધારે કબ્જાની હકીકતો પ્રતિવાદીનો કબ્જો હોવાની હકીકત પ્રતિવાદી પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને વાદી તરફે રજુ કરેલા પુરાવાઓ આધારે તેમજ વાદી અને વાદી તરફે રજુ થયેલા સાહેદ કલ્યાણસિંહ છગનસિંહનાઓ પણ વાદી ઘણા

વર્ષોથી દાવાવાળી જમીન ખેડતા હોવાનુ તેમજ આ કામના પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ નાઓ તરફે વાદી તરફેણમાં રજુ કરેલ જવાબ તથા આંક-૮૧થી મફતભાઈ પુંજાભાઈની જુબાનીને સંયુકત રીતે વંચાણે લેતા વાદી તરફથી પોતાના દાવા અરજીમાં જણાવ્યા અનુસારની હકીકતો સદર સાહેદો સમર્થન આપેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ સદર હકીકતોને ખંડન કરવા અર્થેની કોઈ જ હકીકતો ફલીત થયેલ નથી કે તેવી હકીકતોના પુરાવાને ખંડન કરવા અર્થે આ કામે કોઈ ખંડનાત્મક પુરાવો કોઈપણ પક્ષકાર તરફે રજુ થયેલ નથી. આમ, વાદી દાવાવાળી જમીનનો કબ્જો ધારણકર્તા હોવા સબંધેની હકીકતોને માત્ર ખંડન કરવાથી કે દસ્તાવેજમાં કબજો તેઓનો ચાલી આવેલાની હકીકતો માત્રથી કબજો ગણી શકાય નહી. આ તબકકે આંક-૭૧ તથા ૭૨થી રજુ કરેલ કમિશનરશ્રીના રીપોર્ટ તથા નકશામાં દર્શાવેલ હકીકતોને સદર હકીકતો સમર્થન કરતી હોવાના આધારે વાદી સદર દાવાવાળી જમીનનો ઉપયોગ,ઉપભોગ કરતા આવેલાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થયેલ હોવાથી સદર હકીકતો આધારે વાદી મુદ્દા નં.૧ની હકીકતો વાદી તરફથી આંશિક રીતે પુરવાર થયેલ હોવાથી મુદ્દા નં.૧નો જવાબ '' અશંત:હકારમાં'' આપવામાં આવે છે.

(૧૪)આ કામના વાદી તરફથી સદર દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીનં.ર પોતાના નામે સરકારી રેકર્ડ ઉપર શાંતિથી,કાયદાકીય પ્રક્રિયાઓ અનુસરી સરળ રીતે ચઢે તે માટે અનેક વિનંતીઓ કરવા છતાં આ કામના પ્રતિવાદી નં.૧નાઓ દવારા રેવેન્યુ રેકર્ડમાં ખોટા પેઢીનામા આધારે પોતાનુ નામ રેવેન્યુ રેકર્ડમાં ચઢાવી તે આધારે વેચાણ દસ્તાવેજ કરી પ્રતિવાદી નં.૧નાઓને દાવાવાળી મિલકત આપેલ હોય

અને વાદીના કબ્જામાં પ્રતિવાદી નં.ર તરફથી હરકત,અડચણ ઉભી થતાં આ કામના વાદી તરફથી હાલનો દાવો દાખલ કરેલ હોય અને સદર દાવામાં પોતાના માલીકી હકક સબંધે આંક–પરવાળુ વીલ રજુ કરેલ છે. સદર વીલ સબંધે વાદી તરફથી પોતાની જુબાની તથા સદર અસલ વીલ તથા સદર વીલમાં સાક્ષી તરીકે સહી કરનાર કલ્યાણસિંહ છગનસિંહનાઓનો આંક–૭પથી પુરાવો રજુ કરેલ છે. સદર સાહેદ કલ્યાણસિંહ છગનસિંહનાઓ તરફથી દાવાવાળી જમીન વાદી વર્ષોથી ખેડતા હોવાનુ તેમજ મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓએ પોતાના વીલની રૂએ દાવાવાળી જમીન વાદીને સુપ્રત કરેલાની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ કલ્યાણસિંહ છગનસિંહ સ્વતંત્ર સાહેદ છે અને તેઓના પુરાવામાં વીલ તથા કબ્જા અંગેની તમામ હકીકતો દર્શાવેલ છે. સદરસાહેદ ફકત ધોરણ –૩ સુધીનો અભ્યાસ કરેલ હોવા છતાં આ કામના પ્રતિવાદી નં.૧ થી ૯ના વિ.વ.શ્રી તરફથી તેઓની લંબાણપુર્વકની ઉલટતપાસ કરેલ હોવાછતાં તેઓની ઉલટતપાસમાં સદર પ્રતિવાદીઓને સમર્થનરૂપ કોઈ જ હકીકતો કે પુરાવો રજુ કરી શકેલ નથી. ઉલટ સદર સાહેદની ઉલટતપાસમાં સદર સાહેદ ખુબ જ તટસ્થ,સાચા અને સાચી હકીકતો રજુ કરનાર તરીકે પ્રસ્થાપિત થયેલ છે. સદર સાહેદ તરફે સુંદરપુરા ગામમા ટાઈપની સગવળ ન હોવાનુ તેમજ મૈ.નરસિંહભાઈ ૮પ વર્ષે અવસાન પામેલા હોવાનુ તેમજ સદર આંક–પરવાળા વીલ ઉપર તેઓની સહી હોવાનુ અને તેઓની હાજરીમાં વીલ કરેલ હોવાની હકીકતો ફલીત થયેલ છે.

વધુમાં આ કામે પ્રતિવાદી નં.૧૧ મફતભાઈ પુંજાભાઈનાઓના આંક–૮૧ના પુરાવામાં પણ આ કામના વાદી દાવાવાળી જમીનનો કબ્જો,ભોગવટો ધારણ કરેલ

હોવાનુ તેમજ મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓએ વીલ વાદીની તરફેણમાં કરી આપેલાની હકીકતોને સમર્થન આપેલ છે. સદર સાહેદ મૈ.નરસિંહભાઈના વારસદારો પૈકીના એક હોવા છતાં વાદીના દાવાની હકીકતોને સમર્થનરૂપ પુરાવો આપેલ છે અને વીલને સમર્થનકારક હકીકતો પોતાના પુરાવામાં રજુ કરેલ છે. સદર સાહેદની પણ પ્રતિવાદીનં.૧ થી ૯ના વિ.વ.શ્રી મારફત લંબાણપુર્વક ઉલટતપાસ કરેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી ૯ના સમર્થનમાં કોઈ હકીકતો ફલીત થયેલ નથી.

આ કામે પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે વીલ ખોટુ,બનાવટી,ઉપજાવી કાઢેલુ હોવા સબંધે ફકત શબ્દિક હકીકતો જવાબમાં જણાવેલ છે તે બાબતેનો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આ કામે પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે વીલ ખોટુ હોવા સબંધેનો ચોકકસ,ઠોસ અને સાતત્યપુર્ણ પુરાવો રજુ કરી વીલમાં મૈ.નરસિંહભાઈ નો અંગુંઠો ન હોવા બાબતે કે સાહેદોની સહી ન હોવા બાબતે,મૈ.નરસિંહભાઈનુ અવસાન તા.૨૫/૧૨/૧૯૯૩ના રોજ અવસાન પામેલા ન હોવા સબંધેની કોઈ જ હકીકતો પુરવાર કરેલ નથી.

સદર પ્રતિવાદી તરફે પ્રજાસત્તાક દિને તથા રવિવાર તથા સુંદલપુરા ગામે ટાઈપની સગવળ ન હોવા માત્ર વીલ બનાવટી હોવાની જે રજુઆત કરેલ છે તે હકીકતો માત્ર વીલ બનાવટી,ખોટુ હોવાનુ માની શકાય નહી કારણ કે સદર હકીકતો વિરૂધ્ધમાં વાદી,સાહેદ કલ્યાણસિંહ છગનસિંહ,પ્રતિવાદી નં.૧૧ મફતભાઈ પુંજાભાઈનો પુરાવો તથા આંક-પરથી અસલ વીલ આ કામે રજુ થયેલ છે. સદર વીલને ખંડન કરવા અર્થે પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે વીલ સબંધેના જરૂરી મહત્વના સવાલો પુછવા સબંધેની પણ કોઈ દરકાર કરેલ નથી.

આ કામે વાદી કે જેઓ બેનીફીશ્યરી છે જયારે સાહેદ કલ્યાણસિંહ છગનસિંહ એટેસ્ટેડ સાહેદ છે અને મફતભાઈ પુંજાભાઈ મૈ.નરસિંહભાઈ છગનભાઈના વારસદાર પૈકીના એક છે. આ કામે સદર પુરાવાઓ સિવાય વાદી તરફી પરશનબેન તે નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓ સીધીલીટીના વારસદાર હોવાછતાં તેઓ વાદીની તરફેણમાં સોગંદનામુ કરી સદર વીલ તથા દાવાવાળી મિલકત વાદીના સ્વતંત્ર માલીકી,કબ્જા હેઠળ હોવાની હકીકતોને સમર્થન કરેલ છે. આમ, સદર પુરાવાઓને આધારે કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેતા,

આ તબકકે સકસેશન એકટ નીકલમ – ૬૩ – તથા ભારતીય પુરાવા અધિનીયમ,૧૮૭૨ની કલમ–૬૮ને સાથે વંચાણે લેતા,

Section - 63 - Indian Succession Act - Execution of unprivileged Will - Every testator, not being a soldier employed in an expedition or engaged in actual warfare, (or an airman so mployed or engaged) or a mariner at sea, shall execute his Will according to the following rules.

(a) The testator shall sign or shall affix his mark to the Will, or it shall be signed by some other person in his presence and by his direction.

(b) The signature or mark of the testator, or the signature of the person signing for him, shall be so placed that it shall appear that it was intended thereby to give effect to the writing as Will.

(c) The Will shall be attested by two or more witnesses, each of whom has seen the testator sign or affix his mark to the Will or has seen some other person sign the Will, in the presence and by the direction of the testator, or has received from the testator a personal acknowledgment of his

signature or mark, or of such other person; and each of the witnesses shall sign the Will in the presence of the testator, but it shall not be necessary that more than one witness be present at the same time, and no particular form of attestation shall be necessary.

68. Proof of execution of document required by law to be attested

If a document is required by law to be attested, it shall not be used as evidence until one attesting witness at least has been called for the purpose of proving its execution, if there be an attesting witness alive, and subject to the process of the court and capable of giving evidence :

Provided that it shall not be necessary to call an attesting witness in proof of the execution of any document, not being a will, which has been registered in accordance with the provisions of the Indian Registration Act, 1908 (16 of 1908),unless its execution by the person by whom it purports to have been executed is specifically denied.

સદર કામે ઉપરોકત જોગવાઈઓ અને રજુ થયેલા પુરાાવાઓને ધ્યાને લેતા,સાહેદ કલ્યાણસિંહ છગનસિંહનાઓ તરફથી પોતાની જુબાનીમાં કોર્ટ રૂબરૂ વીલની કાર્યવાહીમાં સહી સાટા સબંધેનો પુરાવો વીલની આખી કાર્યવાહી દરમ્યાનનો શરૂ થી અંત સુધીનો આખુ વીલ તૈયાર થયેલ ત્યાં સુધીની આખી પ્રક્રિયાઓ તથા આ કામના ગુજ.નરસિંહભાઈ ઈચ્છાભાઈએ વીલ પોતાની ઈચ્છા,રાજીખુશી અને સ્વેચ્છાએ પોતાની મરજી મુજબ તૈયાર કરાવી તેમાં પોતાનો અંગુઠો કરેલ અને સાહેદ તરીકે કલ્યાણસિંહ તથા પોતાના પુત્ર કાંતિભાઈનાઓએ સહી કરેલાનો અને ત્યારબાદ સાહેદે પોતાની સહી કરેલાનો પુરાવો રજુ કરેલ છે. આ

કામે સદર અનરજીસ્ટર્ડ વીલ યાને વસીયતનામુ હોવાથી પ્રતિવાદી તરફે દલીલ કરેલ છે તે પાછળથી રજાનું દિવસે ઉભુ કરેલ છે. આ કામના પ્રતિવાદી તરફથી પોતાના જવાબમાં ફકત સદર વીલ રજામાં થયેલ હોય અને સુદલપુરા ગામમાં ટાઈપની વ્યવસ્થા ન હોવાથી સદર વીલ ખોટુ હોવાની તકરાર લેવા માત્રથી તે વીલ ખોટુ હોવાનુ માની શકાય તેમ નથી. પ્રતિવાદી તરફથી જયારે વીલ સામે વાંધો ઉઠાવી ખોટુ હોવાનુ પોતાના જવાબમાં જણાવેલ હોય ત્યારે પ્રતિવાદીની ફરજ છે કે તેઓ તરફથી ચોકકસ,ઠોસ અનેમાની શકાય તેવો પુરાવો રજુ કરી વીલ ખોટુ હોવાનુ પુરવાર કરવુ આવશ્યક છે, પરંતુ આ કામે પ્રતિવાદી સદર વીલ સબંધે કે મૈ.નરસિંહભાઈના અવસાન સબંધેના આંક-૫૩વાળા મરણના દાખલ સબંધે ખોટુ હોવાનુ હકીકત પોતાના જવાબમાં જણાવેલ છે અને સાહેદોને સદર દસ્તાવેજ સબંધે પ્રશ્નો પુછતા તેઓએ સદર દસ્તાવેજ કાયદેસરના અને ખરા હોવાની હકીકતનો જવાબ આપેલ છે ત્યારે સદર મરણ દાખલા ઉપર મરણરજીસ્ટ્રારશ્રીના સહી-સિકકા કરવામાં આવેલ છે અને કાયદાની પ્રક્રિયા અનુસરીને તે રજીસ્ટરમાં નોધણી આધારે સદર દાખલો આપવામાં આવેલ છે ત્યારે સદર મરણનો દાખલો ખોટો હોવાની હકીકત પણ પ્રતિવાદી નં.૧ અને ર નાએ પુરવાર કરવી આવશ્યક છે.

આમ, ઉપરોકત ચર્ચા આધારે આ કામના પ્રતિવાદી તરફથી પોતાના જવાબમાં જે તકરારો વાદીના દાવા તથા દસ્તાવેજો સબંધે લીધેલ છે તેને પુરવાર કરવા અર્થે કે વાદીના દાવાની તેમજ દસ્તાવેજોનુ ખંડન કરવા અર્થેની કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થયેલ નથી.

આમ, ઉપરોકત ચર્ચા તથા રજુ થયેલા પુરાવાઓ

આધારે વાદીએ આંક–પર તથા આંક–પ૩ના દસ્તાવેજથી સ્પષ્ટ પુરાવો રજુ કરેલો છે અને પુરવાર કરેલ છે કે, આ કામના મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈ પટેલનાઓએ વાદીના તરફેણમાં દાવાવાળી મિલકતનુ વીલ કરેલ અને દાવાવાળી જમીન ખંડન કરવા અર્થેનો કોઈ જ પુરાવો આ કામે રજુ કરેલ ન હોવાથી સદર પુરાવાઓ ઉપરથી વાદી સદર આંક–પરવાળુ વીલ કાયદેસરનુ અને વાદીના લાભમાં થયેલ હોવાનુ પુરવાર થયેલ હોવાથી મુદ્દા નં.ર વાદી પુરવાર કરવામાં સફળ થયેલ હોવાથી મુદ્દા નં.રનો જવાબ '' હકારમાં'' આપવામાં આવે છે.

૩. શુ વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલકત અંગે કરવામાં આવેલ તા.ર૯/૧૧/ર૦૧૪ના રોજનો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને રદબાતલ છે? જવાબ – અંશત: હકારમાં.

આ કામના વાદી તરફથી સદર દાવાવાળી મિલકત તેઓને મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓએ વીલથી આપેલાની હકીકતો જણાવેલ છે અને તે આધારે તેઓ માલીક હોવાની હકીકત દાવામાં તથા પુરાવામાં રજુ કરેલ છે. સદર હકીકતોથી તદ્દન વિપરીત હકીકત મુજબ આ કામના પ્રતિવાદી નં.રના ભરતભાઈએ સદર દાવાવાળી મિલકત તેઓની સ્વતંત્ર માલીકી,કબ્જા, ભોગવટાવાળી હોવાનુ જણાવી રેવેન્યુ રેકર્ડમાં તેઓનુ એકલાનુ નામ ચાલી આવેલ હોય તે આધારે તેઓએ સદર દાવાવાળી મિલકતનુ વેચાણ પ્રતિવાદી નં.૧નાઓને કરેલ છે. સદર વેચાણ કાયદેસરનુ અને કાયદા મુજબની જોગવાઈઓ આધારે કરેલ હોવાની હકીકત પોતાના દાવાજવાબમાં જણાવેલ છે.

આ તબકકે પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફથી પોતાની દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, વાદીના લાભમાં મૈ.નરસિંહભાઈએ વીલ સને ૧૯૯૨ની સાલમાં કરવામાં આવેલ હતુ તો વાદી તરફથી સદર વીલ આધારે કોઈ કાર્યવાહી કોઈપણ સરકારી કચેરીમાં કે તે વીલ આધારે કોઈ પ્રોબેટ કે અન્ય કોર્ટ કાર્યવાહી કરેલ ન હોવાથી સદર વીલ ખોટુ હોવાનુ વાદી જાણતા હોવાથી સદર વીલનો કોઈ પણ ઉપયોગ હાલનો દાવો કર્યો ત્યાં સુધી વાદીએ કરેલ ન હોવાથી સદર વીલ ખોટુ, ઉપજાવી કાઢેલ હોવાની હકીકત પુરવાર થતી હોવાની દલીલ કરેલ છે. વધુમાં સદર પ્રતિવાદી નં.૨નાઓ મૈ.નરસિંહભાઈના કાયદેસરના વારસદાર હોય અને મૈ.નરસિંહભાઈએ પોતાની અન્ય મિલકતો તેઓના વારસદારો વચ્ચે વહેચણી કરી આપેલ હોવાથી અને હાલની દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ના ભાગે આવેલ હોય ત્યારે સદર મિલકતના માલીક તરીકે તેઓએ સદર મિલકતનું કાયદેસરનુ વેચાણ કરેલ હોવાનુ રજુઆત કરેલ છે. આ કામે વાદીના લાભમાં જે વીલ કરવામાં આવેલ છે તે સબંધે તેઓએ કોઈ જાહેર નોટીશ કે કોઈ સરકારી કચેરીમાં સદર વીલ આધારે દાવાવાળી જમીન અંગેની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી રેવેન્યુ વિભાગમાં કાયદેસરના વારસદાર તરીકે પ્રતિવાદી નં.૨નાએ કાર્યવાહી કરેલ હોય તેમાં વાદી તરફથી વાધો વિરોધ દર્શાવેલ હોય અને  તે બાબતે આર.ટી.એસ.અપીલમાં પ્રાંત અધિકારીશ્રી, તરફથી કેસ રીમાન્ડ કરેલ છે ત્યારે પ્રતિવાદી તરફથી કરેલ કાર્યવાહી કાયદેસરની હોવાની દલીલ બાબતે ફકત વીલ આધારે કોઈ કાર્યવાહી સરકારી રકેર્ડમાં લાંબા સમય સુધી ન કરેલ હોવાથી માત્રથી વીલ ગેરકાયદેસરનુ કે ઉપજાવી કાઢેલ કે ખોટુ હોવાનુ માની શકાય  નહી.  આ કામે વાદીના વિ.વ.શ્રી તરફથી પ્રતિવાદીની

દલીલ વિરૂધ્ધમાં ૨૦૦૭(૧) જી.એલ.આર.૨૭૭નો ચુકાદો ટાંકી નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પ્રસ્થાપિત કરેલ છે કે, સકશેન એકટની કલમ–૫૭ અને ૨૧૩ મુજબ સ્થાવર મિલકત સબંધે કલકતા,મદ્રાસ,મુંબઈ સિવાયના શહેર માટે પ્રોબેટ ની કાર્યવાહી જરૂરી ન હોવાનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે ત્યારે હાલના કેસમાં દાવાવાળી મિલકત મુંબઈ હાઈકોર્ટના જયુડીકેચરમાં ન હોય અને ગુજરાત રાજયમાં હોવાથી પ્રોબેટ અંગેની કાર્યવાહી જરૂરી ન હોવાથી હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ થી ૯ દવારા પ્રોબેટ સબંધેની કાર્યવાહી કરેલ ન હોવાથી વીલ ખોટુ હોવાનુ માની શકાય નહી. આ કામે વાદી તરફથી જયારે હાલનો દાવો વીલ આધારે પોતાની માલીકી પ્રસ્થાપિત કરવા માટે કરેલ હોય ત્યારે પ્રતિવાદી તરફથી પોતાના પુરાવાના તબકકે વીલ ખોટુ હોવા બાબતેનો ચોકકસ,ઠોસ અને સાતત્યપુર્ણ પુરાવો,કોજન્ટ પુરાવો રજુ કરી પુરવાર કરવુ આવશ્યક છે કે, વાદીના લાભનુ વીલ ખોટુ છે પરંતું તેવી કોઈ પ્રક્રિયા કે પુરાવાઓ કે શંકાઓ ઉપસ્થિત કરી પુરવાર કરેલ નથી. જેથી સદર પ્રતિવાદી તરફથી વાદીના લાભનુ વીલ અને તે અર્થેની કાર્યવાહી કરવામાં આવેલ તે પુરવાર કરવામાં આવેલ નથી.

આ કામે વાદી તરફથી હાલનો દાવો આર.ટી.એસ. કેસ થયેલ તે પ્રકારણ ચાલુ હતુ તે દરમ્યાન આ કામના પ્રતિવાદી નં.૨નાએ પ્રતિવાદી નં.૧ને દાવાવાળી વેચાણ આપેલ હોવાથી હાલનો દાવો વાદી તરફથી વધુ નુકશાન થતુ અટકાવવા અને મલ્ટી પ્લીસીટીથી બચાવ માટે દાવો દાખલ કરેલ છે. આ કામે વાદી તરફથી મુદૃા નં.૩ સબંધે એવી તકરાર લીધેલ છે કે, પ્રતિવાદી નં.૨ નાઓએ પોતાનુ એકલાનુ નામ જ પેઢીનામા આધારે રેવેન્યુ રેકર્ડમાં ચઢાવેલ છે, પરંતુ મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈને

અન્ય ઘણા વારસદારો હોવા છતાં પ્રતિવાદી નં.રનાઓએ તેવી મહત્વની હકીકતો છુપાવીને પોતાને એકલાને વારસદાર તરીકે જણાવી ખોટી હકીકતો આધારે પોતાનુ એકલાનુ નામ રેવેન્યુ રેકર્ડમાં ચઢાવી ખોટો દસ્તાવેજ કરેલ છે ત્યારે આ કામે પ્રતિવાદી નં.૧૦ થી ૧૩નાઓએ વાદીની તરફેણમાં આપેલ જવાબ તથા પ્રતિવાદી નં.૧૧ તરફથી રજુ કરેલ પુરાવા આધારે  પ્રતિવાદી નં.રનાઓ પોતાના જવાબમાં જે હકીકતો જણાવેલ છે તેનુ ખંડન થતુ હોવાથી તેમજ પ્રતિવાદી નં.૧,રનાઓ તરફથી સદર હકીકતો સબંધેનો કોઈ જ પુરાવો રજુ કરી ખંડનાત્મક હકીકતો પુરવાર કરેલ નથી. પ્રતિવાદી નં.રનાઓ તરફથી ઉપરોકત તમામ હકીકતો પોતાના જવાબમાં લીધેલ તકરાર તથા વાદીની તરફેણમાં કરેલ વીલ સબંધેની હકીકતોને ખંડન કરવા અર્થેના પુરાવાથી હકીકતો નિશંકપણે પુરવાર કરવી આવશ્યક હોવા છતાં આ કામે પ્રતિવાદી નં.રનાઓ પોતાની સ્વતંત્ર માલીકીની મિલકત હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડતા હોવાનુ માની શકાય તેમ હોવાથી હાલના કામે રજુ થયેલ આંક–પ૭વાળો દસ્તાવેજ મૈ.નરસિંહભાઈના અન્ય વારસદારોની સમંતિ,સહી વિના કરવામાં આવેલ હોવાથી સદર દસ્તાવેજ રજુ થયેલા ઉપરોકત પુરાવાઓ તથા પ્રતિવાદીનં.૧૦ થી ૧૩ના જવાબ તથા પ્રતિવાદી નં.૧૧ના પુરાવાઓ આધારે સદર દસ્તાવેજ કાયદેસરનો હોવાનુ માની શકાય નહી. આ કામે જયારે ભરતભાઈને સદર દાવાવાળી મિલકત સબંધેનો કોઈ હકક,હિત,સબંધ હોવાનુ તેઓ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય ત્યારે અને વાદી તરફથી સદર વીલ આધારે તેઓ માલીક, કબ્જેદાર હોવાનુ પુરવાર થયેલ હોવાથી, ભરતભાઈ તરફથી જે દસ્તાવેજ કરેલ છે તે જો દાવાવાળી મિલકતનો હોવાનુ ફલીત થતુ હોય તો તે આધારે કોઈ હકક

ખરીદનારને મળી શકતા ન હોવાનુ માની શકાય તેમ છે. જયારે વેચનારને જ દાવાવાળી મિલકત ઉપર કોઈ અધિકાર ન હોય ત્યારે તે મિલકતને તબદીલ કરવા અર્થેના અધિકાર મેળવી શકતી ન હોવાથી ભરતભાઈને સદર દાવાવાળી મિલકતમાં કોઈ હકક,અધિકાર ન હોવાથી તેઓ તરફથી જો તે દાવાવાળી મિલકતનુ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ તે કાયદેસરનો ન હોવાનુ માની શકાય તેમ છે. વધુમાં આ કામે સદર દસ્તાવેજમાં જે મિલકતનુ વર્ણન કરેલ છે તે અને હાલની દાવાવાળી મિલકત સબંધેનુ વર્ણન તદૃન અલગઅલગ છે. વાદીના વિ.વ.શ્રી તરફથી પોતાની દલીલમાં દસ્તાવેજમાં મિલકતનુ વર્ણન ખોટુ હોવાનુ જણાવેલ હોવાથી અને દાવાવાળી મિલકત અને દસ્તાવેજમાં આલેખવામાં આવેલ મિલકતનુ વર્ણન જયારે અલગ અલગ થતુ હોય ત્યારે હાલની દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.રનાએ પ્રતિવાદી નં.૧ને વેચાણ આપેલાની હકીકત અંગે વિશેષ ચર્ચા કરવી આવશ્યક રહેતી નથી. આ કામે પ્રતિવાદી પોતે પોતાના જવાબમાં એકરાર કરે છે કે, આંક–પ૭વાળા દસ્તાવેજમાં જે મિલકતનુ વર્ણન ખુટં તરીકે દર્શાવેલ છે તે હાલની દાવાવાળી મિલકત રે.સ.નં.૮૮૦પૈકી૧વાળીનુ ન હોવાથી પ્રતિવાદીનં.રના એકરાર તથા આ કામે રજુ થયેલા પુરાવાઓ આધારે પણ દસ્તાવેજ દાવાવાળી મિલકતનો ન હોવાનુ માની શકાય તેમ છે. આ કામે સદર દાવાવાળી જમીન રે.સ.નં.૮૮૦ પૈકી ૧ વાળી હે.આરે.૦૦–૮૦–૯૪ આકાર રૂા.૪.૩રપૈસાવાળી ખાતા નં.૩ર૯વાળી જમીન હોવાનુ જણાવી તેની ચતુરદિશા,–

પુર્વે –અભેસિંહ દામસિંહ ચાવડાની જમીન છે.

પશ્ચિમે –રાજેન્દ્રસિંહ ચંદુભાઈ બીન કાળુભાઈ ચાવડાની જમીન છે.

ઉત્તરે	–વાદી વિગેરેની જમીન સર્વે નં.૮૦૦/પૈકી ૨ વાળી જમીન

દક્ષિણે	–ગેમાભાઈ બચાભાઈ ચાવડા તથા અભેસિંહ દામસિંહ ચાવડા વિગેરેની જમીન આવેલી છે.

સદર ચાર ખુંટની વચ્ચેની જમીનને દાવાવાળી જમીન તરીકે સંબોધવામાં આવેલ છે. જયારે આંક–૫૭નો જે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે તેનુ વર્ણન વંચાણ લેવામાં આવતા તે જમીન મોજે ગામ સુંદલપુરા (તા.ઉમરેઠ) સીમની ખેતીની જમીન જેનો સર્વે નં.૮૮૦/પૈકી૧ હે.૦૦–૮૦–૯૪ આરે આકાર રૂા.૪.૩૨પૈસાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ જેની ચતુરદિશા,–

પુર્વે	–ચંદુભાઈ દામસિંહ ચાવડાની જમીન છે.

પશ્ચિમે	–ચંદુભાઈ બીન કાળુભાઈ ચાવડાની જમીન છે.

ઉત્તરે	–રોડ આવેલ છે.

દક્ષિણે	–મનુભાઈ નરવતભાઈ ચાવડાની જમીન આવેલી છે.

આ કામે ઉપરોકત બંને ચતુરદિશા ધ્યાને લેતા હાલનો દાવો વીલ આધારે જે જમીન વીલમાં દર્શાવેલ છે તે હકીકત આધારે હોવાથી વીલમાં દર્શાવેલ જમીનના વાદી માલીક,મુખત્યાર ઠરેલ હોવાનુ માની શકાય તેમ હોવાથી અને દાવાવાળી જમીનના વાદીને જ તબદીલ,તફરકે,ટ્રાન્સફર કરવા હકક,અધિકાર રહેલ હોવાથી દાવાવાળી જમીન સબંધે અન્ય કોઈ વ્યકિત કે આ કામના પ્રતિવાદીઓ પૈકી કોઈપણ દાવાવાળી જમીનમાં હકક,અધિકાર હોવાનુ કહેતા હોય તો સદર વીલ આધારે વાદી જ માલીક હોવાનુ ઠરાવવામાં આવે છે અને દાવાવાળી મિલકત સબંધે પ્રતિવાદીઓને કોઈ હકક,અધિકાર રહેલ ન હોવાનુ વાદી તરફથી પુરવાર

થયેલ છે. આ કામના વાદી તરફથી સદર હકીકત સબંધેના પુરાવાઓથી પુરવાર કરેલ છે ત્યારે સદર હકીકત અથવા આંક–૫૭ સબંધે પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓ પૈકી કોઈપણ ઈસમ દાવાવાળી કે તેને લગતી કોઈ માલીકી કે હકક,અધિકાર અંગેના પ્રશ્ન ઉપસ્થિત કરતા હોય તે હકીકત પ્રતિવાદીઓએ પુરવાર કરવી આવશ્યક છે અથવા વાદીઓ તરફથી આ કામે પુરવાર કરેલ હકીકતોને ખંડન કરતો પુરાવો રજુ કરી વાદીની હકીકતો બાબતે ખંડનાત્મક પુરાવો રજુ કરી પુરવાર કરવુ આવશ્યક છે. પરંતુ આ કામે પ્રતિવાદીઓ તરફે સદર દાવાવાળી મિલકત સબંધે વાદીએ વીલ આધારે માલીકી પુરવાર કરેલ છે અને તેને ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી પુરવાર કરવામાં પ્રતિવાદીઓ નિષ્ફળ નીવડેલ હોવાથી આ કામના વાદી તરફથી દાવાવાળી મિલકત સબંધે તેઓ તરફથી દાવામાં જે દાદ માંગેલ છે તે દાદો પૈકી મળવાપાત્ર દાદ વાદીની તરફેણમાં આપવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનુ મારૂ નમ્ર માનવુ છે. આ કામે વાદી તરફથી હાલના દાવામાં દાવાવાળી મિલકત સબંધે વાદીને વીલથી મળેલ હોવાનુ ઉપરોકત મુદ્દાઓ આધારે વીલ પુરવાર કરેલ હોય ત્યારે સદર વીલ આધારે વાદી દાવાવાળી મિલકતના માલીક ઠરતા હોય ત્યારે સદર કાર્યવાહી આધારે આંક–૫૭નો દસ્તાવેજ કાયદેસરનો ન હોવાનુ માનવાને કારણ રહેતુ હોય, વાદી મુદ્દા નં.૩ની હકીકતો પુરવાર કરવામાં અશંત:સફળ રહેતા હોવાથી મુદ્દા નં.૩નો જવાબ '' અશંત: હકારમાં '' આપવામાં આવે છે.

**મુદ્દા નં.:–૦૪.**

શુ વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? –

અશંત: હકારમાં.

આ કામે વાદી તરફથી ઉપરોકત ચર્ચા આધારે પોતાની દાવા અરજીના પેરા – ૭માં જે દાદો માંગવામાં આવેલ છે તે પૈકી ઉપરોકત ચર્ચા આધારે વાદી તરફથી તેઓના લાભ મૈ.નરસિંહભાઈ ઈચ્છાભાઈનાઓએ કરેલ વીલ કાયદેસરનુ હોવાનુ તથા આંક–૭૧ અને ૭૨ મુજબ કોર્ટ કમિશ્નર તરફથી કરવામાં આવેલ રીપોર્ટ તથા નકશા આધારે વાદીનીદાવાની હકીકત અનુસાર ઓરડી બનાવેલ છે તે હકીકત પ્રતિવાદી તરફથી રજુ કરેલ જવાબમાં પણ તે હકીકતોનો સ્વીકાર કરેલ છે અને મહત્વની હકીકત સદર ઓરડી પાસે ઈલેકટ્રીસીટ સબંધેનુ મીટર તથા ડી.પી. દર્શાવેલ છે તે હકીકત ઉપરથી આ કામના વાદી તરફથી પોતાના પુરાવામાં દર્શાવેલ છે અને દાવાવાળી મિલકતમાં તેઓ તરફથી બાંધવામાં ઓરડી તથા તેમાં વાદીના પોતાના વાસણો તથા અન્ય સાધનો રાખવામાં આવેલ હોવાના પુરાવાઓ આધારેની હકીકતો ધ્યાને લેતા તથા આ કામના પ્રતિવાદી નં.૧ થી ૯નાઓ તરફથી કોઈ જ પુરાવો પોતાના જવાબ આધારે રજુ કરેલ ન હોવાથી માત્ર ઈન્કારીયતભરી હકીકતોના આધારે વાદીનો દાવો ખોટો હોવાની હકીકત માની શકાય તેમ નથી. ઉલટ આ કામના વાદી તરફથી પોતાની તરફેણમા મૈયત નરસિંહભાઈ તરફથી કરવામાં આવેલ વીલ, તથા મૈ.નરસિંહભાઈના વારસદારોએ વાદીની તરફેણમાં કરી આપેલ સોગંદનામા તથા પુરાવાઓ રજુ કરેલ હોય અને વીલના સાક્ષી તરીકે કલ્યાણસિંહ છગનસિંહનાઓએ પણ વાદીનો દાવાવાળી મિલકત ઉપર કબજો વીલ આધારે માલીક હોવાની હકીકતને સમર્થનરૂપ પુરાવો રજુ થયેલ અને પ્રતિવાદી નં.૧ થી ૯ના વિ.વ.શ્રી તરફથી લંબાણપુર્વકની ઉલટતપાસ પણ કરવામાં આવેલ હોયત્યારે વાદી

તરફથી પોતાના દાવાની હકીકતો સબંધેની હકીકતો અશંતઃ પુરવાર કરવામાં સફળ થયેલ હોય પરંતુ સદર વીલ આધારે વાદી દાવાવાળી મિલકતના માલીક હોવાનુ પુરવાર કરેલ છે.

(૨૧) આ કામે વાદી તરફથી પોતાના દાવા અરજી ના પેરા –૭માં માંગ્યા મુજબ પ્રતિવાદીઓ સદર દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓ બીનરોકટોક વાદીના કબ્જા, ભગોવટામા ગેરકાયદેસર રીતે પોતે કે તેઓના માણસો, એજન્ટો,એટર્ની વિગેરે હેલો,હરકત,અડચણ,અવરોધ કરે–કરાવે નહી તેવો જાથુકનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવી અને સદર દાવાવાળી મિલકત અન્ય કોઈને કોઈપણ રીતે તબદીલ,તફરકે,ટ્રાન્સફર કરે–કરાવે નહી તેવો જાથુકનો મનાઈ હુકમ માંગવામાં આવેલ છે.વધુમાં વાદી તરફથી સદર દાવાવાળી મિલકતમાં વાદી સિવાય અન્ય કોઈ ઈસમને કોઈપણ જાતનો હકકઅધિકાર ન હોવાની દાદ માંગેલ છે જે બાબતે આ કામના વાદી તરફથી સદર આંક–પરવાળા વીલ આધારે માલીક બનેલ હોય ત્યારે સદર દાવાવાળી મિલકતના માલીક હોવાના નાતે વાદી તરફથી આ કામના પ્રતિવાદીઓ સદર દાવાવાળી મિલકતમાં બીનરોકટોક વાદીના કબ્જા,ભગોવટામા ગેરકાયદેસર રીતે પોતે કે તેઓના માણસો,એજન્ટો,એટર્ની વિગેરે હેલો, હરકત, અડચણ, અવરોધ કરે–કરાવે નહી તેવો જાથુકનો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવાથી ન્યાયનો હેતુ સરે તેમ છે તેમજ વાદી તરફથી દાવાની હકીકત પુરવાર કરેલ હોય અને અગવળ સગવતાની સમતુલા તેમજ વાદી તરફથી સદર દાદ સબંધે વાદી માલીક મુખત્યાર હોવાના નાતે દાવાવાળી મિલકતમાં સદર પ્રકારનો કાયમી મનાઈ હુકમ ફરમાવવાથી ન્યાયની નેમ જળવાય તેમ હોય તેમજ સદર

દાવાવાળી મિલકત સબંધે અન્ય કોઈ ઈસમ દવારા કોઈનો હકક,હિસ્સો કે અધિકાર હોવા સબંધેનો કોઈ જ વિરૂધ્ધનો પુરાવો આ કામે રજુ થઈ પુરવાર થયેલ ન હોવાથી, નાણાંમાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન વાદીને થાય તેમ હોવાથી અને સદર હુકમથી અન્ય કોઈને કોઈપણ નુકશાન થતુ હોવા સબંધેનો કોઈ જ પુરાવો પ્રતિવાદી કે હાલના દાવાના અન્ય કોઈ ઈસમ તરફથી રજુ થયેલ ન હોવાથી દાવામાં જણાવેલ ઈસમો વિરૂધ્ધ વાદીની તરફેણમા દાવાવાળી મિલકત સબંધે પ્રતિવાદીઓ બીનરોકટોક વાદીના કબ્જા,ભગોવટામા ગેરકાયદેસર રીતે પોતે કે તેઓના માણસો, એજન્ટો,એટર્ની વિગેરે હેલો,હરકત,અડચણ, અટકાવ,અવરોધ કરે–કરાવે નહી તેવો તથા સદર દાવાવાળી મિલકત અન્ય કોઈને કોઈપણ રીતે તબદીલ,તફરકે, ટ્રાન્સફર કરે–કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવાથી ન્યાયનો હેતુ સરતેમ હોવાથી વાદી તરફથી મુદ્દા નં.૪ની હકીકતો પુરવાર કરવામાં અશંત:સફળ નીવડતા હોવાથી મુદ્દા નં.૪નો જવાબ અશંત: હકારમાં આપી મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. વાદીનો દાવો અશંત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને વાદીની તરફેણમાં હુકમ ફરમાવવામાં આવે છે કે,આ કામના વાદીની આંક–પરવાળા વીલ આધારે દાવાવાળી મિલકત દાવાવાળી જમીન રે.સ.નં.૮૮૦ પૈકી ૧વાળી હે.આરે.૦૦–૮૦–૯૪ આકાર

રૂા.૪.૩૨પૈસાવાળી ખાતા નં.૩૨૯વાળી જમીન હોવાનુ જણાવી તેની ચતુરદિશા,- પુર્વે-અભેસિંહ દામસિંહ ચાવડાની જમીન છે,પશ્ચિમે-રાજેન્દ્રસિંહ ચંદુભાઈ બીન કાળુભાઈ ચાવડાની જમીન છે,ઉત્તરે-વાદી વિગેરેની જમીન સર્વે નં.૮૦૦/પૈકી ૨ વાળી જમીન,દક્ષિણે-ગેમાભાઈ બચાભાઈ ચાવડા તથા અભેસિંહ દામસિંહ ચાવડા વિગેરેની જમીન આવેલી છેતેનાં માલીક,કબ્જેદાર અને ભગોવટેદાર ઠરતા હોય વાદીનીમાલીકી,કબ્જા,ભોગવટામાં ગેરકાયદેસર રીતે આ કામના પ્રતિવાદીઓ પોતે કે તેઓના માણસો, એજન્ટો,એટર્ની વિગેરે હેલો,હરકત,અડચણ,અટકાવ,અવરોધ કરે-કરાવે નહી તેવો તથા સદર દાવાવાળી મિલકત અન્ય કોઈનેકોઈપણ રીતે તબદીલ,તફરકે,ટ્રાન્સફર કરે-કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા આવે છે.

૩. આ કામના વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો તથા પ્રતિવાદીઓ પોતાનો ખર્ચ પોતે ભોગવવાનો આથી ન્યાયના વિશાળ હિતમાં હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજતા. ૨૨મી,માહે-નવેમ્બર,સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી,સમજાવી જાહેર કર્યો.

તા.૨૨/૧૧/૨૦૧૮. (અભિલાષ એસ.દેશાઈ)

આણંદ. ૩જા એડીશ્નલ સીનીચર સીવીલ જજ,

આણંદ. યુઆઈસી-૦૦૭૬૩.